# ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુધ્ધિકરણ) વિધેયક ૨૦૨૩

## વિધેયક રજુ કરનાર માનનીય ધારાસભ્યશ્રી અમિતભાઈ શાહનું વક્તવ્ય :

(1)

- આપણી સંસ્કૃતિમાં નદીઓને માતાનો દરજ્જો મળ્યો છે. ભારતીય સંસ્કૃતિ વિશ્વની એકમાત્ર એવી સંસ્કૃતિ છે જે નદીને માતા તરીકે પૂજે છે. અહીં માત્ર નદી જ નહીં, પ્રકૃતિના તમામ તત્વોની પૂજા થાય છે. કુદરતના તત્વો આપણું ધ્યાન રાખે છે, તેથી આપણે ભારતીયો આ તમામ તત્વોને આપણી જવાબદારી માનીએ છીએ અને આ તમામ તત્વોની ખૂબ જ આદરપૂર્વક પૂજા કરીએ છીએ.
- રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ નદીઓને Public Trust Doctrine મુજબ જાહેર સંપતિ જણાવેલ છે અને તેનું સંરક્ષણ કરવું આપણા સૌની ફરજ છે.
- પ્રાચીન કાળથી વિશ્વની તમામ માનવ સંસ્કૃતિનો વિકાસ નદીના કિનારે થયો છેઅને નદીઓના કારણે માનવ અસ્તિત્વ વિકસિત થયેલ છે .
- નદીના પાણીમાંથી પીવાનું પાણી મળે છે. નદીના પાણીથી ભુગર્ભ જળ સમૃધ્ધ થાય છે. નદી તમામ જીવો માટે માતા જેટલી જ મહત્વની છે.
- આપણું દરેક ગામ કોઈને કોઈ નદીના કિનારે વસેલું છે, આપણે આપણી નદીઓને માતા માનીએ છીએ, કપાળે નદીનું પાણી ચઢાવીએ છીએ. નવી પેઢીની જવાબદારી છે કે આપણી પવિત્ર નદીઓના પાણીને આવનારી સદીઓ સુધી જાળવે.
- નદીઓના કારણે વિદ્યુત ઉર્જા ઉત્પન થાય છે તથા પરિવહનનો માર્ગ પણ નદીઓ પુરો પાડે છે.
- આ બધાના કારણે જ નદીઓને હંમેશા લોકમાતાનું બિરુદ મળેલ છે. આપણી નદીઓનો સાંસ્કૃતિક વારસો જાળવવો ખુબ જરૂરી છે .
- આપણે નદીઓની માતા તરીકે પૂજા કરીએ છીએ, તેમ છતાં આપણે નદીની સ્વચ્છતા અને પવિત્રતાનું ધ્યાન રાખતા નથી તે પણ સાચું છે.
- ગુજરાત ઔદ્યોગિકરણ અને શહેરીકરણક્ષેત્રે અગ્રેસર રાજ્ય હોવાથી તેમજ વર્ષોવર્ષ વસ્તી, રહેણાંક વસાહતો, ઔદ્યોગિક એકમોની સંખ્યામાં અનેકગણો વધારો થવાથી નદીના પાણીમાં પ્રદૂષણના પ્રશ્નો ઉપસ્થિત થયા છે.
- માનવો દ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓના કારણે જયારે નદીઓ જેવાં જળસ્ત્રોતો દૂષિત થાય છે, અને તેથી આ જળસ્ત્રોતોમાંની જીવસૃષ્ટિને નુકસાન થાય છે અથવા તો નુકસાન થવાની સંભાવનાઓ સર્જાય છે.
- નદીનાં પાણીનો માનવ તથા પશુઓ પીવા માટે ઉપયોગ કરતાં હોય તેમજ નદીના પાણીથી સિંચાઈ પણ થતી હોવાથી નદીના પાણીની ગુણવત્તા જાળવવી ખુબ જ જરૂરી છે કારણકે નદીના પાણીની શુધ્ધતાં માનવ અને પશુઓના સ્વાસ્થય માટે અત્યંત જરૂરી છે.
- ખેતીના પાકને વિપરીત અસર ન પહોચે અને નદીના પાણીનું પ્રદૂષણ ખેતીના પાક મારફતે તેનો ખોરાક તરીકે ઉપયોગ કરતાં માનવો અને પશુઓ ઉપર વિપરીત અસર ન પહોંચે તેની તકેદારી રાખવી ખુબ જરુરી છે.
- નદીઓના પ્રદૂષણના કારણે ભુર્ગભ જળ સ્ત્રોતોમાં પણ પ્રદૂષણથાય છે.

- નદીના પાણીમાં પ્રદૂષણ થવાથી નદીના પાણીમાં ઉગતી જલજ વનસ્પતિઓ અને માછલી જેવા જલજ સજીવોને પણ નુકશાન થાય છે.
- નદીના કાંઠે તથા ગામ વિસ્તારોમાં તળાવકાંઠે કપડાં ધોવાની અત્યંત સાહજીક પ્રવૃતિથી અજાણતાથી કોઈકવાર પ્રદૂષણ થતું હોય છે.
- નાના ગામો તથા નાના શહેરોમાં ટ્રીટમેન્ટ પ્લાન્ટની પુરતી સુવિધાઓના અભાવે ઘરગથ્થુ ગંદુપાણી નદીઓને પ્રદૂષિત કરે છે.
- છેલ્લા કેટલાક દસકાઓમાં, પાણી પ્રદૂષણ નિવારવા માટેના પ્રયત્નો અને વૈધાનિક જોગવાઈઓ બનેલી છે તેમ છતાં નદીઓમાં પાણી પ્રદૂષણ બાબતે વધુ નક્કર કામગીરી કરવાની જરુરિયાત લાગે છે.
- ગુજરાત પાણી (પ્રદૂષણ નિવારણ અને નદીઓનું શુધ્ધિકરણ) વિધેયકના મુખ્ય હેતુ અને ઉદ્દેશો નિચે મુજબ છે:
  - શુદ્ધ પીવાના પાણીની ઉપલબ્ધતા દરેક નાગરિકનો મુળભુત અધિકાર છે અને તે માટે નદીના પાણીનું શુધ્ધિકરણ જાળવવું જરૂરી છે.
  - નદીના પાણીમાં બિનજરૂરી તત્વોનું પ્રમાણ જાણેઅજાણે વધવાથી પાણી પ્રદુષિત થવાની શક્યતા છે અને આવું પાણી જન આરોગ્ય માટે હાનિકારક છે.
  - પાણીનું દરેક ટીપું જીવનનો સ્ત્રોત છે. આ સમય છે કે આપણે સમજવું જોઈએ કે જળ સંસાધનો કાયમી નથી. ટૂંક સમયમાં, આપણે એક પરિવાર, સમાજ અને રાષ્ટ્ર તરીકે શુદ્ધ પીવાનું પાણી મેળવવા માટે સંઘર્ષ કરવો પડશે. આપણે જળ સંરક્ષણ અને નદીઓને દૂષિત થતી અટકાવવાપર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.
  - નદીના પાણીના શુદ્દિકરણ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા નદીઓની સ્વચ્છતા માટેનો કાર્યક્રમ શરૂ કર્યો છે.
  - મારા ધ્યાને હાલમાં નદીના શુધ્ધિકરણ બાબતે કોઈ ચોક્કસ પ્રકારની જોગવાઈ નથી. આ મુદ્દાના જાગૃતિકરણ માટે લોકોને શિક્ષિત કરવા જરૂરી છે તે માટે વિવિધ માધ્યમો દ્વારા લોકજાગૃતિના કાર્યક્રમનું આયોજન કરવું જરુરી છે.
  - આમ, નદીઓના શુધ્ધિકરણ અંગે વ્યાપક કાયદો પ્રદાન કરવાના શુભ હેતુથી ગુજરાત પાણી (પ્રદૂષણ નિવારણ અને નદીઓનું શુધ્ધિકરણ) વિધેયક : ૨૦૨૩ની દરખાસ્ત કરેલ છે.